# “जीओ तो ऐसे”

नमी नहीं वो नैन ही क्या,

हंसी नहीं वो चहेरा नहीं,

कुछ गम नहीं वो क्या जिंदगी?

बिना खुशी के वो पल ही क्या?

अगर आप नहीं तो हम नहीं,

और हम नहीं तो सिर्फ हम ही नहीं।

ग्लोबेलियन

विश्वात्मा

डॉ. चैतन्य पटेल

# જીવો તો આમ જ

જે આંખમાં કરુણાની ભીનાશનું અમી નથી તેને આંખ જ કેવી રીતે કહેવાય ? આંસુ એ તો લાગણીનું અમ્રુત છે. અન્યના સુખે સુખી અને અન્યના દુ:ખે દુ:ખી થાય તે જ માનવ કહેવાય.

જીવનના બધા જ દુ:ખોનો ઈલાજ એટલે હાસ્ય.

જીવન જીવવાની રીત એટલે "हसो और हसाओ, न उलझो न उलझाओ"

ઘરેણાં દાગીના નહીં પહેર્યા હોય તો ચાલશે કેમ કે ચહેરા પરનું હાસ્ય જ સાચું ઘરેણું છે.

દુ:ખ વગરના સુખનું કાંઈ મૂલ્ય નથી. જીવન છે ભાઈ, તકલીફ ને દુ:ખ તો રહેવાના જ. અને ચાલ્યા પણ જવાના. પ્રભુએ તો સરજ્યું છે સુખ પણ મન મનનું માને છે દુ:ખ. સુખ અને દુ:ખ વચ્ચેનો તફાવત હું શૂન્ય રાખું છું. જિંદગી જીવાડે તેમ જીવી બતાવું છું.

પળ પળ મળીને તો જીવન બને છે. ખુશી વગરની પળો યુગ યુગ જેવી લાગે છે. ખુશી વગરની પળને, પળ ના કહેવાય. ખુશી એ તો જીવન પ્રભાત છે.

આપણો પરિવાર, મિત્રમંડળ છે તો આપણે છીએ. હળી મળી ને રહેવું, હસતાં રહેવું, માફ કરવું અને સર્વે ને સમજવું. જો આટલું ન કરી શકીએ તો આપણું અસ્તિત્વ જ નથી તેમ સમજવું. બધા છે તો આપણે પણ છીએ.

જ્યારે હું નહીં રહું ત્યારે સંસારમાં થી માત્ર અને માત્ર મારી જ બાદબાકી થશે.

**"और हम नहीं तो सिर्फ हम ही नहीं ।"**

ગ્લોબેલિયન, વિશ્વાત્મા

ડો. ચૈતન્ય પટેલ